# વૃદ્ધજનો માટેની નાણાકીય બાબતો વિશે તમારી માર્ગદર્શિકા

The Law Society

## તમારા ભવિષ્યની સંભાળ લેવી

દરેક પુખ્ત વ્યક્તિને પોતાના પૈસા અને તેને લગતી બાબતોનો વહીવટ કરવાનો અધિકાર છે. પરંતુ, કેટલીકવાર આપણી ઉંમર વધવાની સાથે સાથે આ કામો કરવાની આપણી ક્ષમતા ઓછી થતી જાય તેવું બની શકે છે. આ થવાનું કારણ કોઈ બીમારી, અસમર્થતા (ડિસેબિલિટી) કે પછી અકસ્માત હોય, આવી પરિસ્થિતિ માટે તૈયાર રહેવા માટે તમે અનેક પગલાં લઈ શકો છો.

જો તમે અથવા તમારું નિકટનું કોઈ સ્વજન આવી જ પરિસ્થિતિમાં હોય, તો તમારે કાનૂની સલાહ મેળવવાનો વિચાર કરવો જોઈએ. તમારી બધી બાબતોને યોગ્ય ક્રમમાં ગોઠવવા માટે અને તમારી ભવિષ્ય માટેની ઈચ્છાઓ જાહેર કરવા માટે પ્રોત્સાહિત કરીને સોલિસિટર (વકીલ) તમને મદદ કરી શકે છે. આમાં વિલ (વિસયતનામું) લખવાથી માંડીને, જરૂર પડે તો તમારી નાણાકીય બાબતોનો વહીવટ સંભાળવા માટેનો પાવર ઓફ એટોર્ની (તમારા વતી કારભાર કરવા માટેની કાનૂની સત્તા) આપવા માટે કોઈની પસંદગી કરવાનો સમાવેશ થઈ શકે છે.

આના લીધે તમારાં સગાં કે સંભાળ રાખનારાં ઉપરનો બોજો થોડો હળવો થઈ શકશે, જેમને તમારા વતીના ગૂંચવણભર્યા નિર્ણયો લેવામાં મુશ્કેલી પડે તેવું બની શકે.

આગમચેતીનાં આવાં પગલાં લેવાનો જ્યાં પૂરતો સમય ન રહ્યો હોય, અથવા તો જો વ્યક્તિ પોતાની નાણાકીય બાબતો સંભાળવા માટે 'અસમર્થ બની ચૂકી' હોય, (પોતાના નાણાકીય વહીવટની સંભાળ ન લઈ શકે તેવી થઈ ગઈ હોય) તેવા સંજોગોમાં, સામાન્ય રીતે તે વ્યક્તિનાં સગાંને સલાહની જરૂર પડતી હોય છે. આવા સંજોગોમાં અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. આમાંનો એક વિકલ્પ 'કોર્ટ ઓફ પ્રોટેક્શન'નો સંપર્ક કરવાનો છે, જેઓ વ્યક્તિની નાણાકીય બાબતોનો વહીવટ કરવા માટેની ગોઠવણ કરી આપી શકે છે. તમારા કેસ અનુસાર કયાં પગલાં લેવાં શ્રેષ્ઠ છે તે સોલિસિટર તમને કહી શકશે.

## સોલિસિટર શોધવા

જો તમારી પાસે સોલિસિટર ન હોય, તો તમારા વિસ્તારમાં આવેલા સોલિસિટરોની વિગતો શોધવા માટે અમારી વેબસાઈટ www.lawsociety.org.uk/findasolicitor ઉપર જોઈ શકો અથવા 0870 606 2555 ઉપર ફોન કરો.

## સોલિસિટરે શું જાણવાની જરૂર પડશે

જો તમે પોતે ગ્રાહક હશો તો સોલિસિટર નીચેની વિગતો જાણવા માગશેઃ

- તમે વિલ (વસિયત નામું) બનાવેલું છે કે નહિ;
- જરૂર પડ્યે તમે તમારી બાબતોનો વહીવટ કરવા માટે કોની પસંદગી કરશો;
- તમારી પાસે કઈ (અને કેટલી) મિલકતો કે આવક છે;
- તમારી મિલકતો કે પૈસાનો વહીવટ કેવી રીતે કરવામાં આવે તે અંગે તમારી કોઈ ખાસ ઈચ્છાઓ છે; અને
- તમને કોઈ એવી ખાસ તબીબી બીમારી છે (જો હોય તો, તમારા ડૉક્ટર સાથે વાત કરવાની તેમને પરવાનગી જોઈશે).

જો તમે કોઈ વૃદ્ધ વ્યક્તિના વતી સલાહ લઈ રહ્યાં હો, તો સૌથી પહેલાં સોલિસિટરે તે વૃદ્ધ વ્યક્તિ સાથે એ ચોક્કસ કરવાનું રહેશે કે તેઓ સોલિસિટરને આ કામ સોંપવા માગે છે અને તે માટે તેમને યોગ્ય માહિતી મળી રહે. એક વાર તમારા સોલિસિટર આ બધી બાબતો જાણી લેશે એટલે તેઓ તમને અનેક જુદા જુદા વિકલ્પો સમજાવી શકશે. આ બધા વિકલ્પો નીચે મુજબ છે.

## સાધારણ - ઓર્ડિનરી પાવર ઓફ એટોર્ની

જ્યારે કદાચ કોઈ શારીરિક અસમર્થતાને કારણે તમને પોતાને તમારી નાણાકીય બાબતોનો વહીવટ કરવામાં મુશ્કેલી પડે ત્યારે, બીજી કોઈ વ્યક્તિને તમારી નાણાકીય બાબતોનો વહીવટ કરવાનું કામ સોંપવાની સત્તા આપવાની આ કાયદેસર પદ્ધતિ છે. સામાન્ય રીતે તમને જેમના પર ભરોસો હોય તેમની તમારા 'એટોર્ની' તરીકે નિમણૂંક કરો છો, જેમ કે કોઈ નિકટનાં સગાં કે મિત્ર અથવા તો સોલિસિટર. કોઈ પણ વ્યક્તિ પાવર ઓફ એટોર્ની 'લઈ' શકે નહિ. તમારે તે તમારી રાજીખુશીથી 'આપવો' પડે છે. પોતે કોને એટોર્ની તરીકે નિમવા માગે છે તે પાવર આપનાર વ્યક્તિ પસંદ કરે છે, અને તે કોઈ પણ સમયે આ ગોઠવણ રદબાતલ કરી શકે છે.

પાવર ઓફ એટોર્નીના અમલની અસરોથી તમે પૂરેપૂરાં વાકેફ હો, તો જ તે લાગુ પડી શકે છે. જો તમે તમારી નાણાકીય બાબતો સંભાળવા માટે માનસિક રીતે અસમર્થ બની જાવ તો પાવર ઓફ એટોર્નીનો અંત આવી જાય છે.

## લાંબા સમય સુધી ટકે તેવો - લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની

સાધારણ પાવર ઓફ એટોર્ની કરતાં આ લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની એક પગલું આગળ વધે છે, કારણ કે, જો તમે કોઈ બીમારી, અસમર્થતા કે અકસ્માતને કારણે - થોડા સમય પૂરતાં કે કાયમ માટે, તમારી બાબતોનો વહીવટ કરવા માટે અસમર્થ બની જાવ તો તે પછી પણ તે ચાલુ રહે છે, અથવા 'લાંબા સમય સુધી ટકી રહે છે'. 'એન્ડ્યોરિંગ પાવર ઓફ એટોર્ની'ની જગ્યાએ હવેથી લાસ્ટિંગ પાવર ઓફ એટર્ની આપી શકાય છે, જો કે 1 ઓક્ટોબર 2007 પહેલાં બનાવવામાં આવેલો માન્ય એન્ડ્યોરિંગ પાવર ઓફ એટોર્ની હજુ પણ વાપરી શકાય છે. 1 ઓક્ટોબર 2007 પછી કોઈ એન્ડ્યોરિંગ પાવર ઓફ એટોર્ની બનાવી શકાતા નથી.

લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની કાયદેસર માન્ય બનાવવા માટે, તે બનાવતી વેળાએ તેની ગોઠવણની અસરોથી તમે પૂરેપૂરાં વાકેફ હોવાં જ જોઈએ. તેની અસરોથી તમે વાકેફ છો અને લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની બનાવવા માટે કોઈ તમારા પર દબાણ કરી રહ્યું નથી એવું જણાવતા એક સર્ટિફિકેટમાં સર્ટિફિકેટ આપનારાએ સહી કરવાની રહેશે. (સર્ટિફિકેટ આપનાર એટલે એવી કોઈ વ્યક્તિ જે તમને ઓછામાં ઓછાં બે વર્ષથી જાણતી હોય, અથવા કોઈ વ્યક્તિ અસમર્થ છે કે નહિ તેની અકારણી કરવાની જેની પાસે નિષ્ણાત આવડતો હોય તેવી કોઈ વ્યક્તિ). એટોર્ની ઓછામાં ઓછાં 18 વર્ષની ઉંમરનાં હોવાં જ જોઈએ અને જો તમને કોઈ વ્યક્તિની મિલકત અને પૈસાને લગતા નિર્ણય લેવા માટે નીમવામાં આવ્યાં હોય તો તેઓ પોતે દેવાળિયા થયેલાં ન જ હોવાં જોઈએ. એક જ સમયે એક કરતાં વધારે અટોર્નીઓની નિમણૂંક કરી શકાય છે.

જ્યાં સુધી લાસ્ટિંગ પાવર ઓફ એટોર્નીને ઓફિસ ઓફ ધ પબ્લિક ગાર્ડિયન દ્વારા નોંધી લેવામાં ન આવે ત્યાં સુધી તમારા એટોર્ની તમારા વતી નિર્ણય લેવાનું આપોઆપ શરૂ કરી શકે નહિ. ઓફિસ ઓફ ધ પબ્લિક ગાર્ડિયન એ વાતની ખાતરી કરશે કે એટોર્ની તમારા સર્વોત્તમ હિતમાં પગલાં લેવા માટેની પોતાની ફરજથી વાકેફ છે. લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની નોંધવા માટે ઓફિસ ઓફ ધ પબ્લિક ગાર્ડિયન ફી ચાર્જ કરશે.

### અંગત અને વેલફેર અંગેના નિર્ણયો

જો ભવિષ્યમાં તમે તે જ સમયે તમારા પોતાના અંગત હિત અને તબીબી સારવાર અંગેના નિર્ણયો જાતે ન લઈ શકો તેમ હો, તો તમારા વતી તમારા એટોર્ની તે નિર્ણય લઈ શકે તે માટે તમે એક અલગ લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની બનાવી શકો છો.

લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની યોગ્ય રીતે બનાવવામાં આવ્યો છે અને તેની નોંધણી કરાવવામાં આવી છે, તેમજ તે બનાવનાર વ્યક્તિના સર્વોત્તમ હિતમાં છે તેની ખાતરી કરવા માટેનો ઉપાય સોલિસિટર સાથે સલાહમંત્રણા કરવાનો છે.

## કોર્ટ ઓફ પ્રોટેક્શન

જો કોઈ વ્યક્તિ અમુક સમયે અમુક નિર્ણય લેવા માટે માનસિક રીતે સમર્થ ન હોય અને તેમણે લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની ન બનાવ્યો હોય અને તે નિર્ણય અનૌપચારિક રીતે લઈ શકાય તેવો ન હોય, તો આ બાબતને કોર્ટ ઓફ પ્રોટેક્શનમાં લઈ જઈ શકાય છે. કોર્ટ તે વ્યક્તિના વતી પોતે નિર્ણય લેવાનું પસંદ કરશે, અથવા તો બીજી કોઈ વ્યક્તિને તેમના વતી નિર્ણય લેવા માટે પસંદ કરશે, જેને 'ડેપ્યુટી' તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં કોઈ વ્યક્તિની મિલકત અને નાણાકીય બાબતોનો નિયમિત રીતે વહીવટ કરવા માટે કોર્ટે ડેપ્યુટીની નિમણૂંક કરી હોય, ત્યાં સામાન્ય રીતે ડેપ્યુટીએ હિસાબ રાખવાના હોય છે, સિક્યોરિટી બોન્ડમાં બંધાવું પડે છે અને ઓફિસ ઓફ ધ પબ્લિક ગાર્ડિયનને અહેવાલ આપવો પડે છે. કોર્ટ ઓફ પ્રોટેક્શન એક વારની એપ્લિકેશન ફી ચાર્જ કરે છે, અને ઓફિસ ઓફ ધ પબ્લિક ગાર્ડિયન ડેપ્યુટીના કામકાજ પર દેખરેખ રાખવા માટે વાર્ષિક ફી ચાર્જ કરે છે.

# વૃદ્ધજનો માટેની નાણાકીય બાબતો વિશે તમારી માર્ગદર્શિકા

The Law Society

## અપોઈન્ટીશીપ

જો વ્યક્તિ અસમર્થ બની ગઈ હોય અને નિવૃત્તિ માટેનું (રિટાયરમેન્ટ) પેન્શન અથવા બીજા કોઈ સરકારી બેનિફિટો મેળવવા માટે હકદાર હોય, તો ડિપાર્ટમેન્ટ ફોર વર્ક એન્ડ પેન્શન્સ તે વ્યક્તિના વતી તે બેનિફિટો મેળવવા માટે કોઈને 'અપોઈન્ટી' તરીકે નિમી શકે છે. આ અપોઈન્ટી કોઈ સગા, મિત્ર કે વ્યક્તિની સંભાળ રાખનાર વ્યવસાયિક લોકોમાંથી કોઈ (જેમ કે લોકલ ઓથોરિટીનો સોશિયલ સર્વિસીસ વિભાગ) હોઈ શકે. દાવેદાર અસમર્થ હોવાનો કોઈ પુરાવો, જેમ કે ડૉક્ટરની નોંધ રજૂ કરવાનું કહેવામાં તેમને આવશે. આ સેવા માટે કોઈ ફી લેવામાં આવતી નથી.

## અન્ય નાણાકીય બાબતો

વૃદ્ધ લોકોને અસર કરતી અનેક જુદી જુદી કાનૂની બાબતો વિશે કોઈ સોલિસિટર સલાહ આપી શકે છે. દાખલા તરીકેઃ

- એક્વિટી-રીલિઝ સ્કીમો, જેનાથી તમે તમારા ઘરમાં બંધાઈ ગયેલી કેટલીક મૂડી છૂટી કરાવી શકો છો;
- લાંબા સમયની સંભાળ માટે પૈસા પૂરા પાડવાની ગોઠવણો;
- વિલ અથવા આજીવન ભેટો આપવાની ગોઠવણ કરીને મિલકતનું આયોજન; અથવા
- કોઈ વૃદ્ધ વ્યક્તિની નાણાકીય રીતે પજવણી કરવામાં આવી રહી હોવાની તમને શંકા જાય ત્યારે.

## ખર્ચ

દરેક સોલિસિટરના ચાર્જ જુદા જુદા હોય છે અને તેનો આધાર તમારા સંજોગો તેમજ તમને કેટલી મદદ કે સલાહની જરૂર છે તેના ઉપર રહેલો છે. કોઈ એક સોલિસિટરની પેઢીનો ઉપયોગ કરવાનો નિર્ણય કરતાં પહેલાં, તમારે હંમેશાં એ તપાસી લેવું જોઈએ કે તેમની ઓફિસમાં જવા-આવવાનું કેટલું સહેલું છે, અને કાયદાના આ ખાસ ક્ષેત્રમાં તેમની પેઢીને કેટલો અનુભવ છે. તેમના ચાર્જીસ વિશે પણ તમારે સ્પષ્ટ ખ્યાલ મેળવી લેવાનો રહેશે. પરંતુ માત્ર ખર્ચ વિશે જ વિચાર કરવાનું પૂરતું નથી. જેમની પાસે સહેલાઈથી જઈને વાતચીત કરી શકાય અને જેમની સલાહમાં તમને સમજણ પડે તેવા સોલિસિટર શોધવાનું પણ એટલું જ અગત્યનું છે.

## વધારે માહિતી

સોલિસિટરો આપતાં હોય તેવી સૌથી સામાન્ય પ્રકારની કાનૂની સેવાઓને આવરી લેતી પત્રિકાઓની શ્રેણીમાંની આ એક પત્રિકા છે. શ્રેણીની બીજી પત્રિકાઓની યાદી નીચે આપવામાં આવી છે. તમારા સોલિસિટર પાસેથી તેની મફત નકલ માગો અથવા લૉ સોસાઈટીને 0870 3333 084 ઉપર ફોન કરો.

- વિલ (વસિયત નામું) બનાવવા વિશેની તમારી માર્ગદર્શિકા
- ઘર ખરીદવા વિશેની તમારી માર્ગદર્શિકા
- છૂટાછેડા લેવા વિશેની તમારી માર્ગદર્શિકા
- કામ ઉપર થતી સમસ્યાઓ વિશેની તમારી માર્ગદર્શિકા
- ધંધો શરૂ કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- અંગત ઈજા માટેનો દાવો કરવા વિશેની તમારી માર્ગદર્શિકા
- તમારા જીવનસાથી સાથે ઘર વસાવવા વિશેની તમારી માર્ગદર્શિકા
- તમારું મકાન ભાડે આપવા વિશેની તમારી માર્ગદર્શિકા
- ઘર ભાડે રાખવા વિશેની તમારી માર્ગદર્શિકા
- સોલિસિટર (વકીલ)નો ઉપયોગ કરવા વિશે તમારી માર્ગદર્શિકા
- પ્રોબેટ વિશે તમારી માર્ગદર્શિકા
- અસાયલમ (રાજકીય આશ્રય)નો દાવો કરવા વિશે તમારી માર્ગદર્શિકા

**આ પત્રિકા તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો ટેપ ઉપર અને સીડી પર મળી શકે છે. જો તમને આમાંથી કોઈ સ્વરૂપ જોઈતું હોય, તો કૃપા કરીને અમારો આ ઈમેઈલ પર સંપર્ક કરો accessibility@lawsociety.org.uk અથવા 0870 606 2555 પર ફોન કરો.**

**આ પત્રિકા તમને જુદી જુદી ભાષાઓમાં પણ મળી શકે છે. આ તમે અમારી વેબસાઈટ www.lawsociety.org.uk પરથી મેળવી શકશો.**

Lexcel
Look for Lexcel - the mark of excellence